ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૨/૧૯-૨૦/ 1804 તારીખ 15 MAY 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી મકવાણા વસંતભાઈ પુનાભાઈ,
વડીયા પ્લોટ, મુ.રાતોલ,
તા.મહુવા, જી.ભાવનગર.
**મો.નં. ૯૮૨૪૮ ૨૧૫૮૪**

કેસ નં.૧૨/૧૯-૨૦

**વિષય : ખેતીવાડી વીજ કનેકશનો લોડ ઘટાડો મંજુર કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૪/૦૪/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨/૧૯-૨૦/૧૪૬૬ તા.૧૨/૦૪/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨/૧૯-૨૦/૧૫૩૯ તા.૨૦/૦૪/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૪/૦૫/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**

૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મહુવા ગ્રામ્ય-૨.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૨/૧૯–૨૦** ☜

વાદી :– શ્રી મકવાણા વસંતભાઈ પુનાભાઈ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ**:– ૦૪.૦૫.૨૦૧૯ ◈

હાજર રહયા :– શ્રી મકવાણા વસંતભાઈ પુનાભાઈ– (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એસ. બી. વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી મકવાણા વસંતભાઈ પુનાભાઈ, મુ.રાતોલ, તા.મહુવા, જી.ભાવનગરની ખેતીવાડી વીજ કનેકશનો લોડ ઘટાડો મંજુર કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૨/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૨/૧૯–૨૦/૧૪૬૬ તા.૧૨.૦૪.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૪.૦૫.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી મકવાણા વસંતભાઈ પુનાભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફેશ્રી એસ. બી. વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત**:– **ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો વાદી શ્રી મકવાણા વસંતભાઈ પુનાભાઈ, વડીયા પ્લોટ, રાતોલ, તા.મહુવા, જી.ભાવનગર પાસે રહેણાંક ધરાવીએ છીએ.

૧.૨ અમારૂ ખેતીવાડી વીજ કનેકશન ૧૦ હો.પા.નું છે, જેનો સર્વે નં.૨૮ પૈકી ૩/૧ છે. અમારા ખેતીવાડીમાં કુવાના પાણી ઉંડા જવાથી અમે પેટા વિભાગીય કચેરી મહુવા રૂરલ–૨ માં ૧૦ હો.પા. માંથી ૫ હો.પા. લોડ ઘટાડો કરવા નાયબ ઈજનેરશ્રી પટેલને મળેલ તેમણે જણાવેલ કે નવા ૭/૧૨ વગેરે લઈને આવો.



Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૩ ત્યારબાદ નવા ૭/૧૨ લઈને મહુવા રૂરલ–ર માં ગયેલ અને જુ.ઈ.શ્રી મહેતા અને ચુડાસમા સાહેબે જણાવેલ કે લોડ ઘટાડા માટે એ–વન ફોર્મ ભરીને આપો. મે એ–વન ફોર્મ ભરાવીને નવા આધાર પુરાવા આપેલ, તેમાં સહી સીકકા થયા બાદ ૦૮.૦૩.૧૭ ના રોજ રૂા.૨૦૦/– પહોંચ નં.૮૨૬૭૦૯ થી લોડઘટાડા માટે રજીસ્ટ્રેશન કરાવેલ.

૧.૪ અમારો ખેતીવાડી વીજ કનેકશનનો લોડઘટાડો કયારે થશે તો ચુડાસમા સાહેબે જણાવેલ કે હું તમારી ખેતીવાડીએ તપાસ કરવા આવીશ ત્યારબાદ તમોએ લોડઘટાડાનો ટેસ્ટરીપોર્ટ આપવાનો છે. ૨ થી ૩ મહીના પછી હું પાછો રૂરલ–ર સબ ડીવીઝનમાં નાયબ ઈજનેરશ્રી પટેલને મળેલ અને જણાવેલ કે મે લોડઘટાડાનું રજીસ્ટ્રેશન કરાવેલ છે, કોઈ ખેતીવાડીએ તપાસ કરવા આવેલ નથી તો તેમણે જણાવેલ કે બાજુની ઓફીસમાં જુ.ઈ. ચુડાસમા બેઠા છે તેમને વાત કરો, તેઓ હાજર ન હતાં એટલે જુ.ઈ. શ્રી મહેતા સાહેબને મળેલ તેમણે જણાવેલ કે લોડઘટાડા માટે ઉતાવળ કરાય નહી અમારી પાસે ટાઈમ હશે ત્યારે આવીશું, ટેસ્ટ રીપોર્ટનું ફોર્મ આપેલ નહી.

૧.૫ હું ફરી બે ત્રણ મહીના પછી કચેરીમાં ગયેલ લોડઘટાડો ન થવાથી કારણ વગરનું બીલ ભરવું પડે છે કયારે લોડઘટાડો થશે. નાયબ ઈજનેરશ્રી પટેલ સાહેબે જુ.ઈ.ચુડાસમા સાહેબ તેમજ મહેતા સાહેબ હાજર હતાં, તેમણે જણાવેલ કે થોડા દિવસ પછી આવજો એટલે ટેસ્ટરીપોર્ટનું ફોર્મ આપું એટલે ભરીને આપી જશો ત્યારબાદ લોડઘટાડાનું બીલ આવી જશે.

૧.૬ કંપનીના કામમાં બેદરકારી ચાલે નહી, આ ત્રણ અધિકારી શા માટે ગ્રાહકોને હેરાન કરે છે કંપનીનો નિયમ શું છે, કેટલા દિવસ મહીના કે વર્ષમાં લોડઘટાડો કરવાનો હોય છે બે વર્ષમાં અનેક ધકકા થયેલ છતાં કામ ન થવાથી ના છુટકે ફોરમને ફરીયાદ કરવાની ફરજ પડેલ છે. કોની બેદરકારીથી કામ થયેલ નથી, તેની ઉપર કંપનીના નિયમ મુજબ પગલા લેવા હુકમ.કરવા, મારો ટેસ્ટ રીપોર્ટ લેવા હુકમ કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદારનું નામ :– શ્રી મકવાણા વસંતભાઈ પુનાભાઈ

૨.૨ ગ્રાહક નં.૩૭૬૨૩/૦૫૧૨૨/૯

૨.૩ કેટેગરી :– A૧, ૧૦ હો.પા.

૨.૪ રીલીઝ તા.:– ૧૦.૦૧.૧૯૯૦

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૫ વાદીનું ખેતીવાડી વીજ કનેકશન ૧૦ હો.પા.નું છે, જેનો સર્વે નં.૨૮ પૈકી ૩/૧ છે, તેમના ખેતીવાડીમાં કુવાના પાણી ઉંડા જવાથી પેટા વિભાગીય કચેરી મહુવા રૂરલ–ર માં ૧૦ હો.પા. માંથી ૫ હો.પા. લોડઘટાડો કરવા નાયબ ઈજનેરશ્રી પટેલને મળેલ, તેમણે જણાવેલ કે નવા ૭/૧૨ વગેરે લઈને આવો.

૨.૬ ત્યારબાદ વાદી નવા ૭/૧૨ લઈને મહુવા રૂરલ–ર માં ગયેલ અને જુ.ઈ.શ્રી મહેતા અને ચુડાસમા સાહેબે જણાવેલ કે લોડઘટાડા માટે એ–વન ફોર્મ ભરીને આપો. વાદીએ એ–વન ફોર્મ ભરાવીને નવા આધાર પુરાવા આપેલ, તેમાં સહી સીકકા થયા બાદ વાદીએ તા.૦૮.૦૩.૧૭ ના રોજ રૂા.૨૦૦/– પહોંચ નં.૮૨૬૭૦૯ થી લોડઘટાડા માટે રજીસ્ટ્રેશન કરાવેલ અને તા.૨૧.૧૧.૧૭ ના રોજ ટેસ્ટરીપોર્ટના રૂા.૨૦/– ભરેલ છે.

૨.૭ વાદીની ખેતીવાડી વીજ કનેકશનની ૧૦ હો.પા.માંથી ૫ હો.પા.ની લોડઘટાડા એપ્રુવલ ટેસ્ટરીપોર્ટ ભર્યા તા.૨૧.૧૧.૧૭ થી ડીવીઝન કચેરીના પત્ર નં.૨૮૬૨ તા.૨૪.૦૪.૧૯ થી આપેલ છે. તેમજ વાદીના લેઝરમાં લોડ ૧૦ હો.પા.માંથી ૫ હો.પા.ની અસર આવી ગયેલ છે, જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૮ આમ, વાદીની ખેતીવાડી વીજ કનેકશનમાં લોડઘટાડાની સીજીઆરએફ સમક્ષ કરેલ ફરીયાદનું સંતોષકારક નીરાકરણ લાવેલ છે, જે અંગેની જાણ વાદીને તા.૦૧.૦૫.૧૯ ના રોજ ૧૧.૧૧ કલાકે જાણ કરેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર વસંતભાઈ પુનાભાઈ મકવાણા ગામ–રાતોલમાં ૧૦ હો.પા.નું ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં.૩૭૬૨૩/૦૫૧૨૨/૯ થી ધરાવે છે.

૩.૨ વાદીએ તા.૦૮.૦૩.૧૭ ના રોજ તેના વીજસ્થાપનનાં ૧૦ હો.પા.નાં વીજજોડાણમાં ૫ હો.પા.નો ઘટાડો કરાવવા માટે અરજી નોંધણી કરાવેલ તેમજ વાદીએ તા.૨૧.૧૧.૧૭ ના રોજ લોડઘટાડા માટેનો જરૂરી ટેસ્ટ રીપોર્ટ રજુ કરી, રૂા.૨૦/– પ્રતિવાદીની કચેરીમાં ભરપાઈ કરેલ.

૩.૩ વાદીનો લોડ ઘટાડો મંજુર ન થવાથી વાદી વારંવાર પ્રતિવાદીની સબ ડીવીઝન કચરીમાં નાયબ ઈજનેર તેમજ જુનીયર ઈજનેર ને મળેલ પરંતુ પ્રતિવાદીનાં અધિકારી તરફથી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નહી, તેથી વાદીએ તા.૦૪.૦૪.૧૯ ના રોજ ફોરમને રજુઆત કરેલ છે.

૩.૪ તા.૦૪.૦૪.૧૯ ની રજુઆત બાદ પ્રતિવાદીએ તા.૨૪.૦૪.૧૯ ના રોજ વાદીનો લોડઘટાડો મંજુર કરેલ તેમજ તા.૨૫.૦૪.૧૯ ના રોજ પ્રતિવાદીનાં નાયબ ઈજનરએ વાદીને પત્ર લખી અને લોડઘટાડો મંજુર થયેલ છે, તેવી લેખિત જાણ કરેલ. આના પરથી સ્પષ્ટ થાય છે કે પ્રતિવાદીનાં પેટા વિભાગીય કચેરીનાં નાયબ ઈજનેરે વાદીએ ફોરમને રજુઆત કર્યા બાદ લોડઘટાડા અંગેની કાર્યવાહી કરી અને મંજુર કરેલ, જેની ગંભીર નોંધ ફોરમ દવારા લેવામાં આવે છે.

૩.૫ ઉપરોકત તારણોનાં આધારે હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદીએ વાદીનાં વીજજોડાણમાં મંજુર કરેલ લોડઘટાડો, તેની ટેસ્ટરીપોર્ટ ભર્યાની તારીખથી મંજુર કરી, વધારાની વસુલ કરેલ/ ઉધારેલ રકમ દિવસ–૮ માં જમા આપી અને અરજદારને તે અંગેની લેખિત જાણ કરવી, જેની નકલ ફોરમને આપવી તેમજ આ કેસમાં નાયબ ઈજનેરની બેદરકારી અંગે કસુરવાર જણાતાં [illegible] ખાતાકીય પગલાં ભરવાં.

..૪..

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

## -:: હુકમ ::-

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૫ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- **સદર હુકમ સામે વાદીશ્રીને** વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની **કચેરી,** બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

ગેરહાજર
(બી. જે. દવે)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(પી. એન. આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર. વજરીયા)
**અધ્યક્ષશ્રી,**
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.

તારીખ :- ૦૪.૦૫.૨૦૧૯

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.